પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ०२૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

# -: જાહેરનામુ :-

## -: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ-:

ક્રમાંક:એસ.બી./ફટાકડા ફોડવા, ડીસ્કો લાઇટ તથા ડી.જે.વગાડવા પર પ્રતિબંધ અંગે/ ૪૧ /૨૦૨૫

સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મિક સામાજિક કે રાજકીય મેળાવડા દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર કે રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પીટલ, શાળાઓ, કોલેજોની નજીક મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે, જેના લીધે ટ્રાફિક વ્યવહાર ખોરવાઈ જાય છે અને ટ્રાફિક ચકકા જામ થઈ જાય છે તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના તથા છુટા ફેંકવાના લીધે લોકોને ઈજા થયેલાના બનાવ બનેલ છે અને નાના મોટા આગના બનાવો બનતા જાનમાલને નુકશાન થયેલાનું પણ છે તદઉપરાંત હોસ્પિટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા/કોલેજોમાં ભણતાં વિધાર્થીઓને ખલેલ પડતી હોય છે, જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફિક વ્યવસ્થા સુચારૂપે જળવાય રહે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય. હોસ્પીટલમાં દાખલ દર્દીઓને તથા શાળા/કોલેજના વિધાર્થીઓને ખલેલ ન પહોચે તે માટે તથા રાત્રિના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

### -:: હુ ક મ ::-

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

### :: પ્રતિબંધિત કૃત્યો ::

(૧) સુરત શહેરના જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનું/ફટાકડા, ફોડવા/સળગાવવા ઉપર તથા આતશબાજી કરવા ઉપર.

(૨) સુરત શહેરના જાહેર રસ્તાઓ/રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે કોઇ વ્યકિત ઉપર કે જાહેરમાં છુટા ફેંકવા ઉપર.

(૩) સુરત શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રિ ના કલાક.૨૨-૦૦ થી સવાર ના કલાક. ૦૬-૦૦ સુધી ફટાકડા/ દારૂખાનું ફોડવા ઉપર.

(૪) સુરત શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પીટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ફટાકડા/ દારૂખાનું ફોડવા તથા ડી.જે.વગાડવા ઉપર.

(૫) પેટ્રોલ જેવા અથવા સળગી ઉઠે તેવા પદાર્થોથી રસાયણીક કારખાનાઓ આવેલ હોય તેવા વિસ્તારના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા ફોડવા ઉપર.

(૬) ખાસ કરીને ડુમ્મસ પો.સ્ટે.વિસ્તારમાં આવેલ સુરત એરપોર્ટની ફરતી દિવાલ/ફેન્સીંગ તારની વાડ ઘેરાવામાં કોઇપણ ઇસમે હવાઇ રોકેટ અથવા આકાશ તરફ ઉડે તેવા દારૂખાના કે ફટાકડા ફોડવા ઉપર તથા ઉતર થી દક્ષિણ દિશામાં રન-વે હોય. જેથી એરપોર્ટની બાઉન્ડ્રી દિવાલ થી ૧.૫ કિ.મી. એરીયલ ડીસ્ટન્સ સુધી પૂર્વ થી પશ્ચિમ દિશામાં એરપોર્ટની ૦.૫ કિ.મી. એરિયલ ડીસ્ટન્સ સુધી કોઇપણ વ્યક્તિ આતશબાજી તેમજ ડી.જે.માં તથા અન્ય રીતે ડીસ્કો લાઇટ(લેઝર લાઇટ)નો ઉપયોગ નહીં કરી શકે.

(૭) હજીરા અને ઇચ્છાપોર પો.સ્ટે. વિસ્તારમાં આવેલ ઔર્ધોગિક એકમો જેવા કે, (૧) એસ્સાર (૨) સેલ (૩) એન.ટી.પી.સી. (૪) રિલાયન્સ (૫) એલ.એન્ડ.ટી.પોર્ટ (૬) કઇર્નએનર્જી (૭) જી.એસ.ઇ.જી. પાવરપ્લાન્ટ (૮)એ.બી.જી.કંપની (૯) જી.એસ.પી.સી.નીટકો (૧૦) અદાણી (૧૧) એ.બી.જી.શીપયાર્ડ (૧૨) અલ્ટ્રાટેક સિમેન્ટ (૧૩) અંબુજા સિમેન્ટ(૧૪) આઇ.ઓ.સી. (૧૫) ગેઇલ ઇન્ડીયા લી (૧૬) ઓ.એન.જી.સી. (૧૭) ક્રિભકો (૧૮) એચ.પી.સી.સેલ. (૧૯) બી.પી.સી.એલ. (૨૦) આઇ.બી.પી. વિગેરે કંપનીના કંમ્પાઉન્ડના ૫૦૦ મીટરના ઘેરાવામાં કોઇપણ ઇસમે હવાઇ રોકેટ અથવા આકાશ તરફ ઉડે તેવા દારૂખાના કે ફટાકડા ફોડવા ઉપર.

## :: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નરની હુકમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

## :: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૩/૦૩/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૫/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## :: જાહેર વિજ્ઞપ્તિ ::

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું.કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ :૨૭/૦૨/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ. બી. સુરત શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર .

પ્રતિ,

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સુરત શહેર
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક તથા ક્રાઇમ, સેક્ટર-૨ સુરત શહેર
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

સવિનય નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)